દાખલ તારીખ : ૦૫–૦૧–૨૦૨૬
રજી. તારીખ : ૦૫–૦૧–૨૦૨૬
ફેસલ તારીખ : ૧૭–૦૪–૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ

सत्यमेव जयते

**ધોરાજીના એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું. ધોરાજી.**

**ફોજદારી કેસ નં.૩૪/૨૦૨૬**
**આંક–**

ફરીયાદીઃ– શ્રી સરકાર,

**વિરૂધ્ધ**

આરોપીઃ– પીયુષભાઇ જેન્તીભાઇ જોગરાજીયા
રહે.ભુતવડ ગામ, યાર્ડ વારી ગારીમાં,
ચંદુભાઇ હીરપરાની વાડીમાં,તા. ધોરાજી.

**ગુનોઃ– ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૨૩ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ.**

================================================

ફરીયાદ પક્ષે – વિદ્વાન એ.પી.પી. શ્રી જે.વી.જોષી
આરોપીપક્ષે – વિ.વ.શ્રી એચ. પી. માલવી

================================================

## // ચુકાદો //

**૧.** આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા.૨૮.૧૨.૨૦૨૫ ના રોજ કલાક–૧૮–૧૦ વાગ્યા થી ૧૮–૨૦ વાગ્યા દરમિયાન ભુતવડ ગામ યાર્ડવાળી ગારીમાં, ચંદુભાઇ હીરપરાની વાડી પાસે, ભુતવડ, તા.ધોરાજી ખાતે આરોપીએ પ્રતિબંધીત ચાઇનીઝ દોરીની ફીરકી નંગ–૩૦ જેની કિ.રૂા.૬,

૯૦૦/-ના મુદ્ધામાલ સાથે મહે.મેજી. સા. રાજકોટના જાહેરનામા નો એમએજી/કાવ્ય/ચાઈનીઝ/તુકકલ/લેન્ટર્ન/દોરી જાહેર નામું ૨૦૨૫ તા.૧.૧૧.૨૦૨૫ નો ભંગ કરી, બી.એન.એસ.ની કલમ-૨૨૩ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબનો ગુન્હો આચરેલ છે. જે સંબંધે ફરિયાદી પો.કોન્સ. ઈશીતભાઈ અરવિંદભાઈ માણાવદરીયા નાઓએ ધોરાજી સીટી પોલીસ મથકે ફરિયાદ કરતાં જે ફરિયાદ ધોરાજી સીટી પો.સ્ટે. ગુ.રજી. નં.૧૧૨૧૩૦૯૫૨૫૦૫૬૧/ ૨૦૨૫ થી તા.૨૮.૧૨.૨૦૨૬ ના રોજ નોંધેલ છે.

ઉપરોકત ફરિયાદ હકીકત આધારે ફરિયાદ રજીસ્ટરે લઈ, ફરિયાદ સબબ તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલી. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા તથા જરુરી કાર્યવાહીના અંતે આરોપી વિરૂદધ પુરતો પુરાવો જણાતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ. જે ચાર્જશીટ ફોજદારી કેસ તરીકે રજીસ્ટર થતાં અત્રેની અદાલતમાં ધારા-ધોરણસર તે કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ.

૨. ત્યારબાદ ધોરણસર સમન્સની બજવણી આરોપીને કરવામાં આવેલ જેથી આરોપી હાજર થતાં જેઓને ગુના વિશે સમજ કરી, આંક-૦૪ થી આરોપીની પ્લી નોંધતા ગુન્હો કર્યાનો ઈનકાર કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુનાનો ઈનકાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ છે.

૩. ફરીયાદપક્ષે આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**<u>મૌખિક પુરાવો:-</u>**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી ઈશીતભાઈ અરવિંદભાઈ માણાવદરીયાની જુબાની | ૦૫ |
| ૨ | પંચસાહેદ પ્રવિણભાઈ પ્રભુદાસભાઈ હિંડોચાની જુબાની | ૦૭ |
| ૩ | પંચસાહેદ શૈલેષભાઈ નાનાલાલ જોષીની જુબાની | ૦૯ |
| ૪ | સાહેદ જગદીશભાઈ ધીરૂભાઈ સુવાણની જુબાની | ૧૦ |
| ૫ | સાહેદ ત.ક.અ.દિવ્યરાજસિંહ લાલુભા પઢીયારની જુબાની | ૧૧ |
| ૬ | સાહેદ જયેશકુમાર હરસુખલાલ ટાંકની જુબાની | ૧૨ |

**દસ્તાવેજી પુરાવો :-**

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૦૬ |
| ૨ | પંચનામુ | ૦૮ |
| ૩ | હથિયારબંધીના જાહેરનામું | ૧૩ |

૪. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવા અંગે આરોપીનો ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં, આરોપીએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે. વધુમાં, આરોપીએ જાતે સોગંદ ઉપર જુબાની આપવી નથી કે બચાવના સાહેદો તપાસવા નથી તેમ જણાવેલ છે તેમજ વિશેષમાં ખોટો કેસ કરેલ છે તેમ જણાવેલ છે. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીપક્ષના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

૫. ફરિયાદ હકીકત, રેકર્ડમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા, કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં, આ કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-: મુદ્દાઓ :-**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, ગઈ તા.૨૮.૧૨.૨૦૨૫ ના રોજ કલાક–૧૮–૧૦ વાગ્યા થી ૧૮–૨૦ વાગ્યા દરમિયાન ભુતવડ ગામ ચાર્ડવાળી ગારીમાં, ચંદુભાઇ હીરપરાની વાડી પાસે, ભુતવડ, તા.ધોરાજી ખાતે આરોપીએ પ્રતિબંધીત ચાઈનીઝ દોરીની ફીરકી નંગ–૩૦ જેની કિ.રૂા.૬,૯૦૦/– ના મુદ્દામાલ સાથે મહે.મેજી. સા. રાજકોટના જાહેરનામાનો એમ એજી/કાવ્ય/ ચાઈનીઝ /તુક્કલ/લેન્ટર્ન/દોરી જાહેરનામું ૨૦૨૫ તા.૧.૧૧. ૨૦૨૫ નો ભંગ કરી, બી.એન.એસ.ની કલમ–૨૨૩ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

**૬.** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તેના કારણો સહીત નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**૭.** ફરિયાદ હકીકતો, રેકર્ડ ઉપરના પુરાવા, કાયદાકીય જોગવાઈઓ, દલીલો ધ્યાને લેતાં, ઉપરોકત મુદ્દાના નિર્ણય અંગેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

## // <u>કા ર ણો</u> //

**<u>મુદ્દા નં.૧ ની ચર્ચા :–</u>**

૮. ફોજદારી પ્રક્રિયાની ન્યાયશાસ્ત્રનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, ફરીયાદપક્ષે તેનો કેસ સબળ વિશ્વસનીય પુરાવાથી કોઈપણ જાતની શંકારહીત પુરવાર કરવાનો હોય છે જયારે ફરીયાદપક્ષના

કેસમાં વાજબી શંકા ઉપસ્થિત થતી હોય તો તેનો લાભ આરોપીપક્ષને આપવાનો હોય છે ફરીયાદપક્ષે જે મુજબ આરોપી વિરૂદ્ધ આક્ષેપ કરેલ હોય તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાપક્ષની છે તે કેસના કોઇપણ તબક્કે ઓછી થતી નથી ફોજદારી કેસની કાર્યવાહીનો પ્રારંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે અને બચાવ પક્ષ તરફથી વિશિષ્ટ પ્રકારનો બચાવ લેવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના પુરાવા પરથી ઉપસ્થિત થતી વ્યાજબી શંકાનો લાભ આરોપીને મળે છે.

૯. ફરિયાદપક્ષે આ કામે આંક–૫ થી ફરિયાદી ઇશીતભાઇ અરવિંદભાઇ માણાવદરીયા નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,ગઇ તા.૨૮.૧૨.૨૫ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફ જીલ્લા મેજી.સાહેબ, રાજકોટ દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામા અનુસંધાને ચાઇનીઝ ફીરકીઓનુ વેચાણ ન કરે તે માટે તકેદારીના ભાગરૂપ પો.સ્ટે. તાબાના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતા ફરતા ભુતવડ પાટીયા પાસે સરસ્વતી કોલેજ પાસે આવતા તેઓને સંયુકતમાં હકીકત મળેલ કે ભુતવડ ગામે ચાર્ડ વારી ગારીમાં ચંદુભાઇ હીરપરાવાળીની ખેતની વાડી પાસે એક ઇસમ ચાઇનીઝ દોરીની ફીરકીઓનુ વેચાણ કરે છે તેવી ચોકકસ હકીકત મળેલ હોય જેથી તુરત જ બે રાહદારી પંચોને બોલાવી સદર હકીકતની સમજ કરી, પ્રાથમીક પંચનામું કહી હકીકતવાળી જગ્યાએ રેઇડ કરતા ત્યાં બે રૂમ વાળુ ઓસરી ઉતારનુ પાકુ મકાન હોય જયાં ઓસરીમાં એક ઇસમ હાજર હોય મજકુરન ઇસમને બહાર બોલાવી પંચો રૂબરૂ તેનુ નામ પુછતા તેણે પોતાનુ નામ પીયુષભાઇ જેન્તીભાઇ જોગરાજીયા રહે. ભુતવડ, ચાર્ડવાળી ગારીમાં, ચંદુભાઇ હીરપરાની વાડીમાં, તા.ધોરાજી વાળો હોવાનુ જણાવેલ. મજકુર ઇસમને ચાઇનીઝ

દોરા બાબતે પુછપરછ કરતા મજકુર ઈસમ એક પીવડાના ઝાડ નીચે એક કાળી તાલપત્રી નીચે એક ખાખી કલરનું બોક્ષ બતાવતા તે બોક્ષ પંચો રૂબરૂ ખોલી જોતા તેમાં પ્લાસ્ટીકની ચાઈનીઝ દોરીની ફીરકી જોવામાં આવેલ જે દરકે ફીરકી ઉપર પ્લાસ્ટીક વીટેલ હોય જે પ્લાસ્ટીક ઉપર મોનો કે ટી.સી. ફાઈટર લખેલ જોવામાં આવેલ જે ફીરકીઓ બહાર કાઢી ગણી જોતા નંગ–૩૦ હોય જે ફીરકીઓ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ. આમ મજકુરે મહે. જીલ્લા મેજી.સાહેબ, રાજકોટના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેને ધોરણસર અટક કરે અને આ બાબતનુ વિગતવારનું પંચનામું કરેલુ. બાદ તેઓએ શ્રી સરકાર તરફે ફરિયાદ જાહેર કરેલત્યારબાદ પી.એસ.ઓ.એ સદર ગુન્હો રજીસ્ટરે લઈ સદરહું ગુન્હાની આગળની તપાસ પો.હે.કો.દિવ્યરાજસિંહ લાલુભા પઢીયાર નાઓને સોંપેલ. તેઓએ તપાસ સંભાળ્યા બાદ જાહેરનામું તપાસના કામે સામેલ રાખેલ. તેમજ લાગતા વળગતા સાહેદોના તેમના લખાવ્યા મુજબના જવાબ નોંધેલા. આરોપી વિરૂદ્ધ તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે જેઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે

ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રીએ ત.ક.અ.ની કરેલ ઉલટતપાસમાં ફરિયાદીએ એ હકીકતો કબુલ રાખેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી. આ કામની ફરિયાદ તેઓના રૂબરૂની છે અને પંચનામુ પણ તેઓના રૂબરૂનું છે અને આ કામની તપાસ પણ તેઓએ જ કરેલી છે. બનાવવાળો વિસ્તાર છે તે જાહેર વિસ્તાર છે અને ત્યાં આજુબાજુમાં સતત વાહનોની અને માણસોની અવર–જવર ચાલુ હોય છે. ત.ક.અ.એ પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના જવાબ નોંધેલા નથી.

૧૦. ફરીયાદપક્ષે આંક–૦૭ થી રજુ પંચનામું પુરવાર કરવા આંક–૦૬ થી પંચસાહેદ પ્રવિણભાઇ પ્રભુદાસભાઇ હિંડોચા તથા આંક–૦૮ થી પંચસાહેદ શૈલેષભાઇ નાનાલાલ જોષી નાઓને તપાસેલા છે. સદર પંચસાહેદોની જુબાનીમાં તેઓએ ફરિયાદની કોઈ હકીકતોને કે ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઈ હકીકતોને સમર્થન કરેલ નથી. આમ, સદર પંચસાહેદોની જુબાની આધારે પંચનામું પુરવાર થયાનું માની શકાય તેમ નથી. ઉપરોકત પંચસાહેદોને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને તેઓની ઉલટતપાસ કરવા પરવાનગી આપતા વિ.એ.પી.પી.શ્રીએ સદર પંચસાહેદોની ઉલટતપાસ કરવા છતા પંચનામાની કે ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકતને સમર્થન કરેલ નથી. આમ, સદર પંચસાહેદોની જુબાની આધારે પંચનામાની વિગતો પુરવાર થતી ન હોઈ તથા ફરીયાદપક્ષના કેસને કોઈ સમર્થન મળેલ નથી.

૧૧. ફરિયાદપક્ષે આ કામે આંક–૧૦ થી જગદીશભાઇ ધીરૂભાઇ સુવાણ નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૨૮.૧૨.૨૫ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફ જીલ્લા મેજી.સાહેબ, રાજકોટ દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામા અનુસંધાને ચાઇનીઝ ફીરકીઓનુ વેચાણ ન કરે તે માટે તકેદારીના ભાગરૂપ પો.સ્ટે. તાબાના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતા ફરતા ભુતવડ પાટીયા પાસે સરસ્વતી કોલેજ પાસે આવતા તેઓને સંયુકતમાં હકીકત મળેલ કે ભુતવડ ગામે ચાર્ડ વારી ગારીમાં ચંદુભાઇ હીરપરાવાળીની ખેતની વાડી પાસે એક ઇસમ ચાઇનીઝ દોરીની ફીરકીઓનુ વેચાણ કરે છે તેવી ચોકકસ હકીકત મળેલ હોય જેથી તુરત જ બે રાહદારી પંચોને બોલાવી સદર હકીકતની સમજ કરી, પ્રાથમીક પંચનામું કહી

હકીકતવાળી જગ્યાએ રેઈડ કરતા ત્યાં બે રૂમ વાળુ ઓસરી ઉતારનુ પાકુ મકાન હોય જયાં ઓસરીમાં એક ઇસમ હાજર હોય મજકુરન ઇસમને બહાર બોલાવી પંચો રૂબરૂ તેનુ નામ પુછતા તેણે પોતાનુ નામ પીયુષભાઇ જેન્તીભાઇ જોગરાજીયા રહે. ભુતવડ, ચાર્ડવાળી ગારીમાં, ચંદુભાઇ હીરપરાની વાડીમાં, તા.ધોરાજી વાળો હોવાનુ જણાવેલ. મજકુર ઇસમને ચાઇનીઝ દોરા બાબતે પુછપરછ કરતા મજકુર ઇસમ એક પીપડાના ઝાડ નીચે એક કાળી તાલપત્રી નીચે એક ખાખી કલરનું બોક્ષ બતાવતા તે બોક્ષ પંચો રૂબરૂ ખોલી જોતા તેમાં પ્લાસ્ટીકની ચાઇનીઝ દોરીની ફીરકી જોવામાં આવેલ જે દરકે ફીરકી ઉપર પ્લાસ્ટીક વીટેલ હોય જે પ્લાસ્ટીક ઉપર મોનો કે ટી.સી. ફાઇટર લખેલ જોવામાં આવેલ જે ફીરકીઓ બહાર કાઢી ગણી જોતા નંગ-૩૦ હોય જે ફીરકીઓ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ. આમ મજકુરે મહે. જીલ્લા મેજી.સાહેબ, રાજકોટના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેને ધોરણસર અટક કરે અને આ બાબતનુ વિગતવારનું પંચનામું કરેલુ. બાદ પો.કો.ઇશીતભાઇ માણાવદરીયા નાઓએ શ્રી સરકાર તરફે ફરિયાદ જાહેર કરેલ.ત્યારબાદ પી.એસ.ઓ.એ સદર ગુન્હો રજીસ્ટરે લઇ સદરહું ગુન્હાની આગળની તપાસ પો.હે.કો.દિવ્યરાજસિંહ લાલુભા પઢીયાર નાઓને સોંપેલ. તેઓએ તપાસ સંભાળ્યા બાદ જાહેરનામું તપાસના કામે સામેલ રાખેલ. તેમજ લાગતા વળગતા સાહેદોના તેમના લખાવ્યા મુજબના જવાબ નોંધેલા. આરોપી વિરૂદ્ધ તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે જેઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે

ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રીએ ત.ક.અ.ની કરેલ ઉલટતપાસમાં ફરિયાદીએ એ હકીકતો કબુલ રાખેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી. આ કામની ફરિયાદ

તેઓના રૂબરૂની છે અને પંચનામુ પણ તેઓના રૂબરૂનું છે અને આ કામની તપાસ પણ તેઓએ જ કરેલી છે. બનાવવાળો વિસ્તાર છે તે જાહેર વિસ્તાર છે અને ત્યાં આજુબાજુમાં સતત વાહનોની અને માણસોની અવર–જવર ચાલુ હોય છે. ત.ક.અ.એ પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના જવાબ નોંધેલા નથી.

**૧૨.** ફરિયાદપક્ષે આ કામે આંક–૧૧ થી ત.ક.અ. દિવ્યરાજસિંહ લાલુભા પઢીયાર નાઓને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૨૮.૧૨.૨૫ ના રોજ તેઓ તથા અન્ય પોલીસ સ્ટાફ જીલ્લા મેજી.સાહેબ, રાજકોટ દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામા અનુસંધાને ચાઈનીઝ ફીરકીઓનુ વેચાણ ન કરે તે માટે તકેદારીના ભાગરૂપ પો.સ્ટે. તાબાના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ફરતા ફરતા ભુતવડ પાટીયા પાસે સરસ્વતી કોલેજ પાસે આવતા તેઓને સંયુકતમાં હકીકત મળેલ કે ભુતવડ ગામે ચાર્ડ વારી ગારીમાં ચંદુભાઈ હીરપરાવાળીની ખેતની વાડી પાસે એક ઈસમ ચાઈનીઝ દોરીની ફીરકીઓનુ વેચાણ કરે છે તેવી ચોકકસ હકીકત મળેલ હોય જેથી તુરત જ બે રાહદારી પંચોને બોલાવી સદર હકીકતની સમજ કરી, પ્રાથમીક પંચનામું કહી હકીકતવાળી જગ્યાએ રેઈડ કરતા ત્યાં બે રૂમ વાળુ ઓસરી ઉતારનુ પાકુ મકાન હોય જયાં ઓસરીમાં એક ઈસમ હાજર હોય મજકુરન ઈસમને બહાર બોલાવી પંચો રૂબરૂ તેનુ નામ પુછતા તેણે પોતાનુ નામ પીયુષભાઈ જેન્તીભાઈ જોગરાજીયા રહે. ભુતવડ, ચાર્ડવાળી ગારીમાં, ચંદુભાઈ હીરપરાની વાડીમાં, તા.ધોરાજી વાળો હોવાનુ જણાવેલ. મજકુર ઈસમને ચાઈનીઝ દોરા બાબતે પુછપરછ કરતા મજકુર ઈસમ એક પીવડાના ઝાડ નીચે એક કાળી તાલપત્રી નીચે એક ખાખી કલરનું બોક્ષ બતાવતા તે બોક્ષ પંચો રૂબરૂ ખોલી જોતા તેમાં પ્લાસ્ટીકની

ચાઈનીઝ દોરીની ફીરકી જોવામાં આવેલ જે દરકે ફીરકી ઉપર પ્લાસ્ટીક વીટેલ હોય જે પ્લાસ્ટીક ઉપર મોનો કે ટી.સી. ફાઈટર લખેલ જોવામાં આવેલ જે ફીરકીઓ બહાર કાઢી ગણી જોતા નંગ–૩૦ હોય જે ફીરકીઓ તપાસ અર્થે કબજે કરવામાં આવેલ. આમ મજકુરે મહે. જીલ્લા મેજી.સાહેબ, રાજકોટના જાહેરનામાનો ભંગ કરેલ હોય તેને ધોરણસર અટક કરે અને આ બાબતનુ વિગતવારનું પંચનામું કરેલુ. બાદ પો.કો.ઈશીતભાઈ માણવદરીયા નાઓએ શ્રી સરકાર તરફે ફરિયાદ જાહેર કરેલ.ત્યારબાદ પી.એસ.ઓ.એ સદર ગુન્હો રજીસ્ટરે લઈ સદરહું ગુન્હાની આગળની તપાસ તેઓને સોંપેલ. તેઓએ તપાસ સંભાળ્યા બાદ જાહેરનામું તપાસના કામે સામેલ રાખેલ. તેમજ લાગતા વળગતા સાહેદોના તેમના લખાવ્યા મુજબના જવાબ નોંધેલા. આરોપી વિરૂદ્ધ તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરેલ. આરોપીને તેઓ ઓળખે છે જેઓ આજરોજ નામદાર કોર્ટમાં હાજર છે

ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રીએ ત.ક.અ.ની કરેલ ઉલટતપાસમાં ફરિયાદીએ એ હકીકતો કબુલ રાખેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલા નથી. આ કામની ફરિયાદ તેઓના રૂબરૂની છે અને પંચનામુ પણ જે.ડી.સુવાણ રૂબરૂના છે. બનાવવાળો વિસ્તાર છે તે જાહેર વિસ્તાર છે અને ત્યાં આજુબાજુમાં સતત વાહનોની અને માણસોની અવર–જવર ચાલુ હોય છે.તેઓએ પોલીસ સાહેદો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોના જવાબ નોંધેલા નથી.

**૧૩.** સદર કામે ફરિયાદપક્ષ તરફે સાહેદ જયેશકુમાર હરસુખભાઈ ટાંકનાઓને આંક–૧૨ થી તપાસવામા આવેલ છે તેઓએ તેમની જુબાનીમા મુખ્ય એવી હકીકત જણાવેલ છે કે, તેઓ છેલ્લા અઢી વર્ષથી મામલતદાર ઓફિસ ધોરાજી ખાતે કલાર્ક તરીકે ફરજ બજાવે છે અને હાલ તેઓ મેજીસ્ટ્રીયલ કલાર્કનું ટેબલ સંભાળે

છે અને તેને લગત તમામ કામગીરી કરે છે તેઓની પાસે જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ દ્વારા જે જાહેરનામાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે તેની નકલોનું રેકર્ડ રાખવામાં આવે છે. તેઓને સદર કામે તેઓની વડી કચેરી દ્વારા જુબાની અર્થે હાજર રહેવા ફરમાન થતાં તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. તા.૦૧.૧૧.૦૨૫ ના રોજ અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ, રાજકોટ દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ–૩૭(૧) અન્વયે જાહેરનામા ક્રમાંક જે/એમ.એ.જી/કાવ્ય/ચાઈનીઝ તુકકલ/ લેન્ટર્ન દોરી/ જાહેરનામું/૨૦૨૫ થી તા.૬.૧૧.૨૫ થી તા.૫.૧.૨૦૨૬ સુધીનુ સમગ્ર જીલ્લામાં મકરસંક્રાતી તહેવાર વખતે ચાઈનીઝ લોન્ચર, ચાઈનીઝ તુકકલ, ચાઈનીઝ લેન્ટર્ન આકાશમાં ઉડાવવામાં આવતા હોય છે, તુકકલમાં હલકી કવોલીટીના સળગી જાય તેવા વેકસ પદાર્થોને કારણે નુકશાન થાય તે તેમજ તુકકલ ગમે ત્યાં પડી જાનમાલ અને સંપતીને નુકશાન થવાની શકયા રહેલી છે અને ઉપરોકત વસ્તુઓ પર પ્રતિબંધ જાહેર કરવામાં આવેલ છે અને તે અંગેનુ જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવેલુ. જેની નકલ જીલ્લા તાબાની તમામ સરકારી કચેરીઓમાં પ્રસિદ્ધી અર્થે મોકલી આપવામાં આવેલ જેની નકલ તેમની કચેરીને પણ મળેલ.સદર જાહેરનામું સરકારી ગેઝેટમાં પણ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતુ.

ત્યારબાદ આરોપીના વિ.વ.શ્રી દ્વારા સાહેદની કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત કબુલ રાખેલ છે કે, સદર કામનું જાહેરનામુ ધોરાજીમાં કોઈ જાહેર જગ્યાએ ચોટાડી તેનુ પંચનામુ કરેલ હોય અને તે પંચનામુ સદર કામે રજુ કરેલ હોય તેવુ બનેલ નથી. સદર કામનું જાહેરનામું ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ હોય તે બતાવતો કોઈ પુરાવો હાલના કામે રજુ કરેલો નથી. સદર કામનું જાહેરનામુ મામલતદાર કચેરી દ્વારા ધોરાજી શહેરમાં

દાંડી પીટીને અને લાઉડસ્પીકર દ્ધારા પ્રસિધ્ધ કરેલ જાહેર કરેલ હોવા અંગેનો કોઈ પુરાવો હાલના કામે રજુ કરેલો નથી. આકાશવાણી દ્ધારા કે દુરદર્શનનાં માધ્યમથી કે વર્તમાનપત્રના માધ્યમથી આવુ કોઈ જાહેરનામુ પ્રસિધ્ધ થયેલ બાબતનો કોઈ પુરાવો હાલના કામે રજુ થયેલ નથી.

**૧૨.** હાલના કેસમાં ફરિયાદપક્ષ દ્ધારા તેમના આક્ષેપિત કથનો મુજબની હકીકતોને ધ્યાને લેતાં, ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની કલમ-૧૦૪ મુજબ ફરિયાદપક્ષ દ્ધારા તેમનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવાનો હોય છે અને આરોપી વિરૂધ્ધના ટ્રાયલની શરૂઆત આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવાની હોય છે. સિવાય કે, ફરિયાદપક્ષ દ્ધારા આરોપી વિરૂધ્ધનુ તહોમત વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામા આવે. આ સબંધે અત્રેની અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતનો નીચે મુજબનો અદાલતી ચુકાદો ધ્યાને લીધેલ છે. સદર કામે નામદાર સર્વોચ્ચ અદાલત દ્ધારા પ્રસ્થાપિત કરવામા આવેલ કાયદાના સિદ્ધાંતોને ધ્યાનમા લેવા જરૂરી જણાય છે, તેમા, "**Raj Kumar Singh v. State of Rajasthan" AIR** 2013 **SUPREME COURT** 3150 ના કેસમાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે,

"17. Suspicion, however grave it may be, cannot take the place of proof, and there is a large difference between something that 'may be proved' and 'will be proved'. In a criminal trial, suspicion no matter how strong, cannot and must not be permitted to take place of proof. This is for the reason, that the mental distance between 'may be' and 'must be' is

quite large and divides vague conjectures from sure conclusions. In a criminal case, the court has a duty to ensure that mere conjectures or suspicion do not take the place of legal proof."

**૧૩.** આ સબંધે અત્રેની અદાલતે નામદાર સર્વોચ્ચ અદાલતનો નીચે મુજબનો અદાલતી ચુકાદો ધ્યાને લીધેલ છે. સદર કામે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પ્રસ્થાપિત કરવામા આવેલ કાયદાના સિધ્ધાંતને ધ્યાનમાં લેવા જરૂરી જણાય છે. તેમા, નામદાર સર્વોચ્ચ અદાલતને તેમના નીચેના ચુકાદામાં "Sohan v. State of Haryana, AIR 2001 (SC) 1380" એવુ પ્રસ્થાપિત કરેલ છે કે,

"21. An accused is presumed to be innocent until he is found guilty. The burden of proof, that he is guilty, is on the prosecution and that the prosecution has to establish its case beyond all reasonable doubts. In other words, the innocence of an accused can be dispelled by the prosecution only on establishing his guilt beyond all reasonable doubts on the basis of evidence."

આમ, ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ ની કલમ-૧૦૪ મુજબ ફરિયાદપક્ષને કેસ પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે અને ફરિયાદપક્ષે તેમના પોતાના વિશ્વાસપાત્ર અને સજ્જડ પુરાવાથી આરોપી સામેનો કેસ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવો જોઈએ. આરોપી ઉપર તે

પોતે નિર્દોષ છે તેવુ સાબિત કરવાનુ નકારાત્મક બોજો નાખી શકાય નહી.

**૧૪.** ઉપરોક્ત તમામ સંજોગો અને હકીકતો ધ્યાને લેતાં, હાલના કેસમાં બનાવ સમયે આરોપી પોતાની દુકાન કોઈ જ ભાડા કરાર કર્યા વિના તથા નજીકના પોલીસ સ્ટેશનમાં જાણ કર્યા વગર દુકાન ભાડેથી આપેલ હોય તેવી હકીકતને ફરિયાદપક્ષે તપાસેલા ત.ક.અ. કે પંચસાહેદોના પુરાવાથી લેશમાત્ર સમર્થન મળેલ નથી. જેથી ફરિયાદપક્ષે રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા આધારે સદર ગુન્હાના કામે આરોપીએ ગુન્હો કર્યાનું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલા છે. જેથી ઉપરોક્ત ચર્ચા કરેલ સમગ્ર પુરાવાની હકીકતો ધ્યાને લેતા ફરિયાદપક્ષે જે પુરાવા રજુ કરવામાં આવેલ છે તે આધારે આરોપી સામે હાલનો ગુન્હો પુરવાર થતો નથી. વધુમાં, ફરિયાદપક્ષને સમર્થન મળે અને આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો પણ કોઈ પુરાવો ફરિયાદપક્ષે સદર કામે રજુ થયેલો નથી. વધુમાં, આરોપીએ ભારતીય ન્યાય સંહીતાની કલમ-૨૨૩ તથા મુજબના ગુન્હાઓ પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોવાનું અત્રેની અદાલતને જણાય છે. જેથી આરોપીને શંકાનો લાભ આપવો ન્યાયોચીત જણાય છે. આમ, ફરિયાદપક્ષે મુદ્દા નં.૧ ની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલા છે જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય "**નકાર**" માં આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: <u>આ ખ રી હુ ક મ</u> ::-**

**૧.** આ કામના પીયુષભાઇ જેન્તીભાઇ જોગરાજીયા, રહે.ભુતવડ ગામ, ચાર્ડ વારી ગારીમાં,ચંદુભાઇ હીરપરાની વાડીમાં,તા. ધોરાજી.નાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ-૨૭૧(૧) અન્વયે, ભારતીય ન્યાય સંહીતાની કલમ-

૨૨૩ તથા જી.પી.એકટની કલમ ૧૩૧ મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલનો ધારા ધોરણસર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીના અગાઉ આપેલ જામીન જો ચાલુ રાખવા માંગતા હોય તો તે મુજબની કાર્યવાહી કરવી અથવા જો તે જામીન ચાલુ રાખવા ન માંગતા હોય તો નવા જામીન રજુ કરવા હુકમ કરવામાં આવે છે.

– હુકમ, આજ તારીખ–૧૭ , માંહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ–ધોરાજી.
તા.૧૭/૦૪/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ધોરાજી.**
(જજ કોડ–જીજે૦૧૨૫૮)